જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/03/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૨૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦ કેસ કરી, ૭૪ વ્યક્તિઓને ઝડપી, ૧૫૪ લીટર દેશી દારૂ, ૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૨૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૨૭/૨૦૨૩

**નવરંગપુરાઃ** ઇલાંગો સ/ઓ મુર્ગેશ મુદલીયાર (ઉ.વ.૫૯) (રહે. પરીસ્કાર-૨ ખોખરા સર્કલ પાસે ખોખરા) એ તા.૨૭/03/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે મે-૨૦૨૧ થી તા.૨૩/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ એચ.કે.કોલેજ પાસે ચીનુભાઈ ટાવર ખાતે આરોપી (૧) જીગરભાઇ જેન્તીભાઈ ચોડવાડીયા (રહે.બાપુનગર અમદાવાદ) (૨) લવ શર્મા તથા (૩) વરુણ શર્મા (બન્ને રહે. ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર સીટીની બાજુમાં એસ.જી.હાઈ-વે) એ ભેગા મળી ઈલાંગો મુદલીયારના મિત્ર તેમજ ૪૦૦ કલાયન્ટને ચેન્નઈ થી મુંબઇ પ્લેન દ્વારા અને ત્યાંથી તેમનાં ક્રુઝમાં ગોવા અને પરત ક્રુઝમાં ગોવાથી મુંબઇ અને મુંબઈથી ચેન્નઇ ખાતે મુકી જવા અંગે એક વ્યક્તિ દિઠ રૂપિયા ૨૫,૦૦૦/- જેટલો ખર્ચ પેકેજ નકકી કરી તે પેટે ઈલાંગો મુદલીયાર પાસેથી કુલ રૂપિયા ૫૭,૦૦,૦૦૦/- મેળવી લઈ બાદમાં પેકેજ મુજબ સુવિધા પુરી નહી પાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**સેટેલાઈટ**: ગૌરવભાઈ રોહીતભાઈ રાવલ (ઉ.વ.૩૮) (રહે. વૈશાલી ટાવર ગુપ્તાનગર વાસણા) એ તા.૨૭/03/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ શ્યામલ ચાર રસ્તા પાસે પોપ્યુલર સેન્ટર ખાતે આરોપી (૧) જતીન ભરતભાઈ જોષી (રહે.અવંતીક ફ્લેટ સુરત (૨) અકીલ ઓયબભાઈ કાસમાણી (રહે. સુકન રાજહંસ સોસયટી નં-૩ સદગુરુ કોમ્પલેક્ષ સામે રૈયા રોડ રાજકોટ) એ ભેગા મળી ગૌરવ રાવલ પાસેથી હ્યુન્ડાઈ આઈ-૨૦ કાર નંબર જીજે ૩૧ એ ૬૫૫૭ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- બે દીવસ માટે રૂપિયા ૨૫૦૦/- દૈનીક ભાડા પેટે નક્કી કરી ૫૦૦૦/- એડવાન્સ તથા રૂપિયા ૫૦૦૦/- ભાડા પેટે મળી કુલ રૂપિયા ૧૦,૦૦૦/- આપી ગાડી લઈ જઈ આજ દીન સુધી ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

## ઘરફોડઃ-      સમાચાર યાદી નં.૫૨૮/૨૦૨૩

**ઓઢવ**: પરેશભાઇ પ્રવિણચંદ ભગત (રહે. વલ્લભનગર સોસાયટી વલ્લભનગર બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/03/૨૦૨૩ બપોરના ૧૨/30 થી તા.૨૭/03/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાની સંકેત સ્ટેશનરી એન્ડ ઝેરોક્ષ નામની દુકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧૭,૦૦૦/- તેમજ પોતાના મકાનની બારીની ગ્રીલ તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પ્રજાપતિ ચલાવે છે.

## મંદિર માંથી ચોરીઃ-      સમાચાર યાદી નં.૫૨૯/૨૦૨૩

**સોલા હાઈકોર્ટ**: નરેશભાઇ સ/ઓ રમણભાઇ વાળંદ (રહે. ખોડીયાર માતાના મંદીર પાસે ઠાકોર વાસ ભાડજ ગામ) એ તા.૨૭/03/૨૦૨૩ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/03/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા ભાડજ ગામ ઠાકોર વાસ ખોડીયાર માતાના ખુલ્લા મંદીરમાથી ચાંદીના છત્તર નંગ-૧૨ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.સાધુ ચલાવે છે.

## ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવવા બાબતઃ-      સમાચાર યાદી નં.૫૩૦/૨૦૨૩

**વાડજ**: તા.૨૪/03/૨૦૨૩ કલાક ૯/30 વાગ્યાના સુમારે જુના વાડજ એમ.એલ.ડી. સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ ખાતે ગટરના ગંદા પાણીના પ્રવાહમાંથી ત્યજી દીધેલ મૃત ભૃણ મળી આવતા વાડજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.રાઠોડ ચલાવે છે.

**તેરમા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૩૧/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ચાંદખેડા આમ્રકુંજ અરસ્તુ નામની નવી બનતી સાઈટ ખાતે મજુરી કામ કરતા અને ત્યા જ રહેતા શંકર નરવતભાઈ બારીઆ (ઉ.વ.૨૩) (મુળ વતન. ગામ ચાંઠા કનબી ફળીયુ તા-ઘોઘમ્બા જી-પંચમહાલ) તા.૨૭/૦૩/૨૦૨૩ સાંજના ૫/૧૫ વાગે સાઈટ ખાતે ૧૩ મા માળે લીફ્ટના ભાગનુ ધાબુ ખોલતા નીચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સ્થળ ઉપર જ તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૩૨/૨૦૨૩**

**શાહીબાગઃ** જયશ્રીબહેન વા/ઓ મહેન્દ્રભાઇ છાયા (ઉ.વ.૭૬) (રહે. મનજીત સોસાયટી ચંદનવાડી સર્કીટ હાઉસ પાસે શાહીબાગ) તા.૦૬/૦૩/૨૦૨૩ સાંજના પોતાના ઘરે દિવો પ્રગટાવી દિવાબતી કરતા હતા ત્યારે દિવાની ઝાળ પહેરેલ કપડાને લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને શાહીબાગ રાજસ્થાન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૩/૨૦૨૩ બપોરના ૨/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.જે.જિતિયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૫૩૩/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ઉર્મીલાબહેન મહેશભાઈ ચાવડા (ઉ.વ.૬૨) (રહે. ઓર્ચિડ ગોધરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૩/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટા બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.બુખારી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી